**<u>પ્રેસનોટ – તા.૧૬/૧૧/૨૦૨૨</u>**

**<u>બાબરા તાલુકાના ઉટવડ ગામે જુગાર રમતા પાંચ ઇમસોને રોકડ, મોબાઇલ ફોન સહિત કુલ કિં.રૂ.૩૧,૫૪૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રીસાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમે** ગઇ કાલ તા.૧૫/૧૧/૨૦૨૨ નાં રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ઉટવડ ગામે રેઇડ દરમ્યાન પાંચ ઇસમોને જાહેરમાં જુગાર રમતા રોકડ રકમ, મોબાઇલ ફોન તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, પાંચેય ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➪ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

(૧) સંજય હમીરભાઇ ડાભી, ઉ.વ.૩૬, રહે.ઉટવડ, તા.બાબરા, જિ.અમરેલી
(૨) ધનશ્યામભાઇ બાધાભાઇ રાસીયા, ઉ.વ.૪૩, રહે.ઉટવડ, તા.બાબરા, જિ.અમરેલી
(૩) વિપુલ બાબુભાઇ મકવાણા, ઉ.વ.૨૮, રહે.ઉટવડ, તા.બાબરા, જિ.અમરેલી
(૪) દીનેશ જાદવભાઇ ડાભી, ઉ.વ.૩૮, રહે.ઉટવડ, તા.બાબરા, જિ.અમરેલી
(૫) રાજુ ભગવાનભાઇ ડાભી, ઉ.વ.૩૫, રહે.ઉટવડ, તા.બાબરા, જિ.અમરેલી

➪ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

રોકડા રૂ.૧૧,૫૪૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૪ કિં.રૂ.૨૦,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૩૧,૫૪૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસનોટ – તા.૧૬/૧૧/૨૦૨૨</u>

## <u>જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના રોહીસા ગામે જુગાર રમતા ત્રણ ઇમસોને રોકડ, જુગાર સાહિત્ય સહિત કુલ કિં.રૂ.૧૨,૧૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું,

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમે** આજ રોજ તા.૧૬/૧૧/૨૦૨૨ નાં રોજ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે રોહીસા ગામે રેઇડ દરમ્યાન ત્રણ ઇસમોને જાહેરમાં જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, ત્રણેય ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે

➡ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

(૧) અરવિંદ કાનાભાઇ બાંભણીયા, ઉ.વ.૨૫, રહે.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) ધીરૂ કસાભાઇ શીયાળ, ઉ.વ.૪૦, રહે.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) મનુ સામતભાઇ બાંભણીયા, ઉ.વ.૪૦, રહે.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

રોકડા રૂ.૧૨,૧૭૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૧૨,૧૭૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસનોટ – તા.૧૬/૧૧/૨૦૨૨</u>

## <u>સાવરકુંડલા મારૂતિ ડાયમંડ નામના હીરાના કારખાનામાંથી કુલ કિં.રૂ.૧,૧૮,૧૭૦/- ના હીરાની ચોરી કરનાર ઇસમને પકડી પાડી, ૧૦૦ % મુદ્દામાલ રીકવર કરી, અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

➡ **<u>ગુન્હાની વિગતઃ-</u>**

શામજીભાઇ ભોળાભાઇ સોલંકી, ઉ.વ.૩૨, રહે.સાવરકુંડલા, ગોકળનગર – ૨, નેસડી રોડ વાળાનું સાવરકુંડલા, દેવળા ગેઇટ નજીક વજલપરામાં મારૂતિ ડાયમંડ નામનું હીરાનું કારખાનું આવેલ હોય, ગઇ તા.૨૩/૧૦/૨૦૨૨ નાં રોજ આ કારખાનાનો હીરાનો હીસાબ કરતા આશરે ૭ કેરેટના નંગ – ૭૫૭ તળીયાના હીરા જેની કિં.રૂ.૧,૧૮,૧૭૦/- નો હીસાબ ન મળતા, જે અંગે તપાસ કરતા ગઇ તા.૨૧/૧૦/૨૦૨૨ નાં કલાક ૧૮/૦૦ થી કલાક ૧૯/૦૦ દરમ્યાન કારખાનામાં કામ કરતા કોઇ અજાણ્યા કારીગરે ચોરી કરેલ હોવાનું જણાય આવતા, જે અંગે શામજીભાઇ ભોળાભાઇ સોલંકી ફરીયાદ આપતા **સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૨૨૨૦૮૭૩/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૮૧** મુજબનો ગુનો અજાણ્યા કારીગર નોકર ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ઉપરોક્ત ગુન્હાના અજાણ્યા આરોપી અંગે તપાસ તજવીજ દરમ્યાન આજ રોજ તા.૧૬/૧૧/૨૦૨૨ નાં રોજ સાવરકુંડલા ટાઉનમાંથી બાતમી હકિકત આધારે એક ઇસમને પકડી પાડી, તેમની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ કુલ હીરા નંગ – ૭૫૭ મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

ભાવેશ ગોવિંદભાઇ જોળીયા, ઉ.વ.૨૪, ધંધો – હીરા ઘસવાનો રહે.ઉમરીયા, તા.ખાંભા, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

આશરે ૭ કેરેટ વજનના કુલ હીરા નંગ – ૭૫૭ **કુલ કિં.રૂ.૧,૧૮,૧૭૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૧૮/૧૧/૨૦૨૨</u>**

**<u>લાઠી તથા દામનગર પો.સ્ટે. વિસ્તારમાં બે અલગ અલગ જગ્યાએ રેઇડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL)ની બોટલો તથા ફોર વ્હીલ કાર સહિત કુલ કિં.રૂ.૩,૫૬,૬૨૫/- ના મુદ્દામાલ સાથે બે ઇસમોને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં આગામી વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ અનુસંધાને ચુંટણી પ્રક્રિયા તટસ્થ, ન્યાયિક અને પારદર્શક રીતે યોજાય તે માટે પ્રોહિબિશનની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ રાખી, સફળ રેઇડો કરવા ભાવનગર જિલ્લા હેઠળના ત્રણેય જિલ્લાઓના પોલીસ દળને સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આગામી વિભાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ અનુસંધાને અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં ઇસમોને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૨ નાં રોજ લાઠી તથા દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે લાઠી પો.સ્ટે. વિસ્તારના બાઇ દુધાળા ગામના બસ સ્ટેન્ડ પાસેથી એક ઇસમને ફોર વ્હીલ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરફેર કરતા પકડી પાડેલ તેમજ દામનગર પો.સ્ટે. ના શાખપુર ગામે એક ઇસમને ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડેલ છે.

**<u>લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરેલ રેઇડની વિગત</u>**

➩ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

કિશન સુરેશભાઇ દવે, ઉ.વ.૨૮, રહે.મોટા લીલીયા, ગામોટી શેરી, તા.લીલીયા, જિ.અમરેલી.

➩ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ-૭૬, કિં.રૂ.૨૮,૫૦૦/- તથા વોકસ વેગન ફોરવ્હીલ કાર રજી.નંબર GJ-05-CQ-2403, કિં.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૩,૨૮,૫૦૦/- નો મુદ્દામાલ.

**<u>દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરેલ રેઇડની વિગત</u>**

➩ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

ઇસુબ ઉર્ફે મુન્નો હસનભાઇ સૈયદ, ઉ.વ.૩૭ રહે.શાખપુર, સુતારશેરી, તા.લાઠી, જિ.અમરેલી.

➩ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ-૭૫ કિં.રૂ.૨૮,૧૨૫/- નો મુદ્દામાલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.